# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૬ બાબેલ (ઉત્પત્તિ અધ્યાય-૯, ૧૧)

આ અભ્યાસ દવારા તમે શીખશો કે જળ પ્રલય પછી ઈશ્વરનાં બાળકો થકી પૃથ્વી પરનું જીવન ફરી વખત પ્રસ્થાપિત થય. ઈશ્વરે નુહ, તેનાં કુટુંબ તથા સર્વ સજીવોની સાથે એક કરાર કર્યો. જોકે દેવ થકી આ સુંદર વચન આપવામાં આવ્યુ તો પણ સમય જતા લોકો ફરી પાપમાં પડયા અને તેઓ ઈશ્વર વિહિન જીવન જીવવા લાગ્યા અને તેમની યોજનાઓને તેમણે સન્માન આપ્યુ નહિ.

જળ પ્રલય પછી દેવે નુહને કહયું " મારા આર્શીવાદનાં ચિહન તરીકે તમે ફળવંત થશો અને પૃથ્વીને ઢાંકી દેશો. હવે પછીથી દરેક પ્રાણીઓ તમારાથી ડરશે અને તમ તેઓને માટે જવાબદાર બનશો. હવે તમે વૃક્ષોની સાથે પ્રાણીઓને પણ ખાઈ શકશો. પૃથ્વી પરની દરેક વનસ્પતિ તથા ચલાયમાન પ્રાણીઓ તમારા ખોરાકને માટે થશે, તો પણ તમારે મનુષ્યને મારી નાખવો નહિ; કેમકે તેઓ દેવની પ્રતિમા પ્રમાણે બનાવવામાં આવ્યા છે. તમારે હવે ઘણા પુત્રો થશે અને ફરી અક વખતે પૃથ્વીને લોકો દવારા તમે ઢાંકી દેશો. ઈશ્વરે ઉમેર્યુ કે, "માંસને તેનાં જીવ અર્થાત કે લોહી સાથે ખાવુ નહિ. જેઓ આ કરારને તોડે છે તેઓને તે લોહીને માટે જવાબ દાર ઠેરવવામાં આવે છે." જો તમે કોઈ માણસનું લોહી વહાવડાવશો અને તે મરી જાય તો બીજાઓ પણ તમારુ લોહી વહેવડાવશે અને તમે મરશો. આનું કારણ એ છે કે, મનુષ્યને ઈશ્વરનાં સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે બનાવવામાં આવેલા છે. ઈશ્વરે નુહ તથા તેનાં કુટુંબને કહયું કે, "હું તમારી સાથે મારો કરાર સ્થાપુ છું. આકાશ તરફ જુઓ વાદળાઓ મધ્યે દેખાતુ મેઘધનુષ્ય મારી અને દરેક જીવીત પ્રાણીની વચ્ચે મારા કરારની નિશાની છે. મારી દયા તથા મારા વચન પ્રત્યેના વિશ્વાસુપણાને હું યાદ દેવડાવું છું. "જયારે હું અને તમે તે મેઘધનુષ્ય જોશો ત્યારે મેં તમારી સાથે કરેલા કરારમય વચનને યાદ કરીશ. જળપ્રલય ફરી કદી પૃથ્વીનો નાશ નહિ કરે. આ કરાર આવનારી પેઢીઓ માટે સદાસર્વદા રહેશે" (ઉત્પત્તિ ૯:૧-૧૭).

જળપ્રલય પછી નુહ ૩૫૦ વર્ષ જીવ્યો એમ તેનાં જીવનનાં કુલ ૯૫૦ વર્ષ જીવ્યા પછી તે મર્યો.

સમય પસાર થતાં પૃથ્વી પર લોકોની સંખ્યા ફરી અતિ ઘણી થઈ. શેમ, હામ તથા યાફેથનાં દિકરાઓ અને પ્રપૌત્રો થકી પૃથ્વી ભરાઈ જવા લાગી. હજી સુધી તેઓ એકજ ભાષા બોલતા હતા. બેબીલોનમાં રહેતા તેઓએ વિચાર્યુ કે, જો તેઓ એક સાથે જ રહે તો તેઓ વધારે શક્તિશાળી થશે અને પૃથ્વી પર વિખેરાઈ નહિ જાય. જેમ દેવે કહયું હતું તેમ આખી પૃથ્વી પર

છવાઈ જવાનું તેઓએ માન્યુ નહિ, આથી તેઓએ એક શહેર બનાવીને ઈંટો, રેતી તથા ટારનો ઉપયોગ કરીને આકાશને આંબતો બુરજ બનાવવાનું શરૂ કય, કે જેથી દરેક લોકો તેને જોઈ શકે. આમ કરવા દ્વારા તેઓ પૃથ્વી પર પોતાનું નામ કરવા ચાહતા હતા અને પૃથ્વી પર વિખેરાઈ જવા માંગતા ન હતા. તે સમય દરમિયાન આવા ઉંચા બુરજો હકિકતમાં જુઠ્ઠા દેવોને ભજવાને માટે બનાવવામાં આવતા હતા. તેઓનાં હઠાગ્રહ અને સ્વાર્થવૃત્તિથી તેઓ ઈશ્વરની રચનાઓ ઉપર છવાઈને અધિકાર ચલાવવા ઈચ્છતા હતા. તેઓનો આ પ્રયત્ન માનવ કેન્દ્રીત હતો નહિ કે ઈશ્વર કેન્દ્રીત. જયારે ઈશ્વરે બુરજ જોયો તથા લોકોનાં હૃદયનાં હઠાગ્રહને જોયો ત્યારે તેમણે કહયું "લોકો મારી આજ્ઞાઓને ફરી એક વખતે આધિન થતાં નથી. જો તેઓ સાથે રહે અને પોતાનું જ સામાજય બનાવવા હઠાગ્રહ કરે અને ઈશ્વરનાં રાજય વિશે વિચારે નહિ, તો તેઓને માટે કંઈ પણ અશકય રહેશે નહિ. તેથીચાલો, આપણે જઈએ અને તેમની ભાષા બદલાવી નાંખીએ."(ઉત્પત્તિ ૧૧:૭).

અચાનક જ લોકો જુદી જુદી ભાષા બોલવા લાગ્યા. તેઓ ઉપર જતા અને નીચે આવતા કેમકે એક બીજાને તેઓ સમજી શકયા નહિ. 'શું થઈ રહયું છે ?' એક માણસે પોકાર કર્યો. પરંતુ આજુબાજુવાળાઓ ઉપર તેની કોઈ જ અસર થઈ નહિ કેમકે તે શું કહે છે તે બીજાઓ સમજી શકયા નહિ. ત્યાં આગળ એક ભાષા ધરાવતા લોકો રહયા નહિ. તેનાં બદલે જુદી જુદી ભાષા ધરાવતા નાના નાના લોકોનાં ટોળાઓ ઉદભવ્યા. ડરી જઈને અને ભયમાં નાના ટોળાઓ એકબીજાથી જુદા પડવા લાગ્યા અને પૃથ્વી પર વિખેરાઈ ગયા. અપૂર્ણ રહેલો બુરજ 'વિસામણનાં બુરજ' તરીકે ઓળખાવા લાગ્યો જેને 'બાબેલનો બુરજ' કહે છે.

તે સમયે શેમનાં પ્રપૌત્રો પૈકીનાં એકે જન્મ લીધો, જેનું નામ 'પેલેગ' રાખવામાં આવ્યું; કેમકે તેનાં જન્મ સમયે પૃથ્વી પર જુદી જુદી ભાષાઓ બોલનારા લોકો પ્રમાણે વિભાગો થયા. લોકો ઈશ્વરથી વિમુખ થયા અને ખુનામરકી, દુષ્ટતા અને મૂર્તિપૂજા તરફ ફર્યા. રોમનોને લખેલા પત્રોમાં પાઉલ તેનાં પ્રથમ વિભાગમાં જણાવે છે કે, જો કે તેઓએ ઈશ્વરને જાણ્યો તો પણ, તેઆએ ઈશ્વરને મહિમા આપ્યો નહિ કે આભાર સ્તુતિ કરી નહિ, પણ તેઓએ મિથ્યા તર્ક વિતર્કો કર્યા અને તેઓનાં નિર્બુધ્ધ મન અંધકારમય થયા. અમે જ્ઞાની છીએ એવો દાવો કરતાં તેઓ મૂર્ખ બન્યા. તેઓએ અવિનાશી દેવનાં મહિમાને બદલે નાશવંત માણસ, પક્ષી તથા ચોપગાં અને પેટે ચાલનારાં પ્રાણીઓનાં આકારની મૂર્તિઓ બનાવી.
(રોમનોને પત્ર ૧:૨૧-૨૩).

ઈશ્વરે પેલેગનાં પેઢીમાંનાં ઈબ્રાહિમ નામના વ્યકિતને પસંદ કર્યો ત્યાં સુધી લોકોને પાપ કરવા દીધા, કે જેથી ઈબ્રાહિમ દવારા ફરીથી માણસો તેની તરફ આવે. ઈબ્રાહિમને 'દેવનાં મિત્ર' તરીકે ઓળખવામાં આવે છે.

આ અભ્યાસનું મહત્વ એ છે કે, ઈશ્વર લોકોને તેનાં કાર્યો માટે જવાબદાર ઠેરવે છે.

પૃથ્વી પર રહેવા માટે તેમણે દરેક જરૂરતો પુરી પાડી છે. જો આપણે તેમને આધીન થવા માં નિષ્ફળ જઈએ, તો આપણે પાપને કારણે ન્યાયનાં અનુભવમાંથી પસાર થવુ પડશે.

આ કથાનક એ સત્ય દર્શાવે છે કે, ઈશ્વરે માણસને વિચાર કરવા માટે મુકત ઈચ્છાશકિત આપી છે એટલે કે, માણસ પોતે પોતાની પસંદગી કરી શકે છે. કેટલાએક લોકો દેવની સેવા કરવા માંગે છે અને ઈશ્વરને પસંદ એવા કાર્યો કરવાની ઈચ્છા ધરાવે છ. જયારે બીજાઓ ઈશ્વરનાં અધિકારને પડકાર આપે છે અને પોતાની રીતે જીવન જીવે છે.

જેઓ ઈશ્વરની ઈચ્છામાં રહેવાનું પસંદ કરે છે તેઓ તેની હાજરીને જાણી શકે છે. જેઓ પોતાની મનમાની કરે છે તેઓ ઈશ્વરનાં ન્યાય શાસનમાં આવે છે.

આ પાઠનું પુનરાવર્તન કરતાં નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ બીજો જળપ્રલય મોકલવા બાબત ઈશ્વરે શું કહયું ?

(જ)(૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ એ છે કે,– ઈશ્વરેવચન આપ્યુ છે કે, તેઓ પૃથ્વીનો નાશ જળ પ્રલય દવારા કદી નહિ કરે – તો તમે સાચા છો.

પ્ર.૨ ઈશ્વરે માણસો સાથે કરેલા કરારનું આકાશમાં કયુ ચિહન છે ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ એ છે કે,– મેઘધનુષ્ય – તો તમે સાચા છો.

પ્ર.૩ ઘમંડી અને ઈશ્વર વિરોધી ચળવળ ઉભી કરતા બુરજ બનાવતા લોકો માટે ઈશ્વરનો પ્રતિભાવ કેવો હતો ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ એ છે કે,– દેવે તેઓની ભાષા બદલી નાખી અને પૃથ્વી પર તેમને વિખેરી નાખ્યા – તો તમે સાચા છો.

જેઓએ બાબેલનાં બુરજની વાત સાંભળી નથી તેઓને તમે જણાવો. વાત કર્યા પછી તે મને પુછો કે શું તેઓ જાણે છે કે ઈશ્વરથી દુર જવાથી તેઓએ ઈશ્વરનાં ન્યાયનો સામનો કરવો પડશે ?

તેઓનો જવાબ સાંભળ્યા પછી તેઓને ઈસુની વાત જણાવો કે, જેઓ દેવનાં ન્યાય શાસનથી તમને બચાવે છે. કદાચ આ જીવનમાં તમે તેનાં ન્યાય શાસનને જોઈ શકશો નહિ. પરંતુ જો તમારા પાપનો પસ્તાવો અત્યારે નહિ કરો તો તમે નાશ પામીશકો. માત્ર ઈસુનું રકત તથા તેમનું મરણ તથા તેમનું પુનરુત્થાન, તમને તમારા પાપને કારણે આવતા ઈશ્વરનાં ન્યાય ચુકાદાથી બચાવી લેશે.

જે વ્યકિતની સાથે વાત કરો તે વ્યકિતને ઈસુની તારણની વાત ન જાણતી હોય તો તેઓ ને જણાવો. આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને

બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યક્તિને આ બાબત કહી શકવા માટે બીજા વ્યક્તિની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુંછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.